## 1. ક્રાંતિકારી સામાજિક આંદોલનની વિશેષતાઓ જણાવા.

- ક્રાંતિકારી સામાજિક આંદોલનો સમાજના કોઈ એક પક્ષ, ક્ષેત્ર કે વિભાગમાં પરિવર્તનની હિમાયત કરતાં નથી, પરંતુ તે સમાજમાં સંપૂર્ણ પરિવર્તનની હિમાયત કરે છે. ક્રાંતિકારી સામાજિક આંદોલનોનો મુખ્ય ઉદ્દેશ પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થાને સ્થાને સંપૂર્ણ નવી જ સામાજિક વ્યવસ્થાને પ્રસ્થાપિત કરવાનો છે. હર્બટ બુમર ક્રાંતિકારી આંદોલનની કેટલીક વિશેષતાઓ નીચે પ્રમાણે દર્શાવે છે :
- ક્રાંતિકારી આંદોલન વર્તમાન સામાજિક વ્યવસ્થાને પૂર્ણરૂપે બદલી સંપૂર્ણ સામાજિક વ્યવસ્થાનું પુનઃનિર્માણ કરે છે. ક્રાંતિકારી આંદોલન સમાજવ્યવસ્થાનાં વર્તમાન મૂલ્યો, રૂઢિમો અને રિવાજોને સ્થાને નવાં નૈતિક મૂલ્યો, રૂઢિઓ અને રિવાજોને પ્રસ્થાપિત કરે છે. ક્રાંતિકારી આંદોલન કરનારાઓ સમાજની સમસ્યાઓના ઉકેલ માટે સંસદ, પોલીસ, ન્યાયતંત્ર વગેરે વર્તમાન સંસ્થાઓમાં વિશ્વાસ ધરાવતા નથી. તેઓ આ સંસ્થાઓના સ્થાને નવી સંસ્થાઓ શરૂ કરવામાં વિશ્વાસ ધરાવે છે.
- આ આંદોલનો માટે લોકમત ઊભો કરવામાં આવતો નથી, પરંતુ જબરદસ્તીથી લોકોને પોતાના પક્ષમાં લઈને આ આંદોલનમાં જોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ આંદોલનો મોટે ભાગે સમાજના નિમ્ન વર્ગમાંથી ઉદ્ભવે છે, કેમ કે સમાજમાં તેમનું શોષણ સૌથી વધુ થતું હોય છે. આ પ્રકારનાં આંદોલનો ઉગ્ર, અશાંત અને હિંસક હોય છે. ક્રાંતિકારી આંદોલનમાં સમાજ બે ભાગમાં વહેંચાઈ જાય છે. એક બાજુ સમાજનો એવો વર્ગ હોય છે જેની પાસે ઉત્પાદનનાં સાધનોની માલિકી હોય છે અને બીજી તરફ સમાજનો એવો વર્ગ હોય છે જેની પાસે ઉત્પાદનનાં સાધનોની માલિકી હોતી નથી, પરંતુ ફક્ત શ્રમ હોય છે.
- ક્રાંતિકારી આંદોલનો આ બંને પ્રકારના વર્ગો વચ્ચેના સંઘર્ષમાંથી ઉદ્ભવે છે. પૉલ વિલકિન્સન ક્રાંતિકારી ખાંદોલનનું સ્વરૂપ દશાવતાં જણાવે છે કે કે, ક્રાંતિકારી આદોલન છાપામાર યુદ્ધપદ્ધતિથી ક્રાંતિ લાવે છે, તેમાં ગુપ્ત સંગઠનોનાં જયંત્રોના માધ્યમ દ્વારા સમાજષ્યવસ્થામાં પરિવર્તન લાવવામાં આવે છે. ક્રાંતિકારી સામાજિક આંદોલનમાં વૈચારિક ક્રાંતિનો પણ સમાવેશ થાય છે, ભારતમાં ડૉ. વર્ગીસ કુરીઅનનાં ‘અમૂલ’ દ્વારા થયેલી ’મોતક્રાંતિ અને વિનોબા ભાવેનાં ‘ભૂદાન’, ‘ગ્રામદાન’ અને ‘સંપત્તિદાન’ વગેરે વૈચારિક ક્રાંતિનાં ઉત્તમ ઉદાહરણો છે.

## 2. પ્રતિરોધાત્મક સામાજિક આંદોલન વિશે માહિતી આપો.

- સમાજમાં જ્યારે સામાજિક પરિવર્તનની ગતિ ઝડપી બને છે ત્યારે કેટલાક લોકો તે સામાજિક પરિવર્તનની તીવ્રતા સાથે સમાયોજન સાધી શકતા નથી. આવા લોકો દ્વારા જે આંદોલન થાય છે, તેને ’પ્રતિરોધાત્મક આંદોલન’ કહે છે. પ્રતિરોધનો અર્થ છે રોકવું, અટકાવવું, કે અવરોધ ઊભો કરવો. સમાજમાં જે પરિવર્તન આવે છે તે કેટલાક લોકોની ઇચ્છા મુજબનું હોતું નથી.
- આવા લોકો પરિવર્તનની વિરુદ્ધ દિશામાં આંદોલન ચલાવે છે, તેને ’પ્રતિરોધાત્મક આંદોલન’ તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. નર્મદા યોજનાના વિરોધીના ના વિરોધીનો નર્મદા યોજનાવિચૂધી, આંદોલનો ચલાવે છે. કોઈ એક ભાષાવાળા લોકો અન્ય ભાષાવાળી વ્યક્તિઓ સામે આંદોલનો ચલાવે છે એમ. એસ. એ. રાવ પ્રતિરોધાત્મક આંદોલનને સમજાવતાં જણાવે છે કે, ‘‘પ્રતિરોધાત્મક આંદોલનો એવાં આંદોલનો છે. જેનું પરિણામ કાં તો ઘણું જ આંશિક પરિવર્તન હોય છે અથવા જેતે પરિસ્થિતિને ટકાવી રાખવા માટેનું હોય છે.’’ એ. એલ. બરટેન્ડના મતે, ’પ્રતિરોધ આંદોલન એટલા માટે ઉદ્વવે છે કે લોકોને એવો વિશ્વાસ હોય છે કે જે કંઈ

પરિવર્તન આવી રહ્યું છે અથવા વર્તમાનમાં જે પરિસ્થિતિ છે તે યોગ્ય નથી, તેથી તેનો વિરોધ કરવો જોઈએ.' પ્રતિરોધાત્મક સામાજિક આંદોલનો પરિવર્તનની પ્રક્રિયાના પરિણામે ઉદભવે છે.

- તેનો હેતુ જે પરિવર્તનો આવી રહ્યાં છે તેને અવરોધવાનો છે. હાલ જે પરિસ્થિતિ છે તેને જેમ છે તેમ ટકાવી રાખવાનો છે.  આ આંદોલનમાં જોડાયેલા લોકો પરિવર્તન ઇચ્છતા નથી. કોઈક વાર આ પ્રકારનાં આંદોલનો પ્રતિક્રિયારૂપે ઉદ્ભવે છે.  જ્યારે કોઈ ક્રાંતિ થાય છે ત્યારે જે લોકો પર ક્રાંતિની વિપરીત અસર થતી હોય તેઓ સંગઠિત થઈને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ સામે વળતી પ્રવૃત્તિઓ કરી ક્રાંતિને દબાવી દેવા, તેનો સામનો કરવા અથવા જો ક્રાંતિ સફળ થઈ હોય તો તેનો સંપૂર્ણ નાશ કરવા પ્રયત્નો કરે છે. આ પ્રકારના ક્રાંતિવિરોધી પ્રયત્નોને 'પ્રતિક્રાંતિ' કહે છે. પ્રતિક્રાંતિમાં સ્થાપિત હિતો મહત્ત્વનો ભાગ ભજવતા હોય
- પરંપરાગત સમાજવ્યવસ્થાથી જે લોકોને સત્તા, સંપત્તિ, સગવડો કે ઊંચા દરજ્જાના લાભો મળતા હોય તે લાભોને ભયમાં મૂકે તેવાં સામાજિક પરિવર્તનોનો લાભ મેળવનારા લોકો વિરોધ કરે છે. આ રીતે પ્રતિરોધાત્મક આંદોલનો ઉદ્ભવે છે. જેમ કે, જમીનદારો ગણોતધારો અને જમીન ટોચમર્યાદાના કાયદાનો વિરોધ કરે છે.  આમ, જ્યાં પરિવર્તનથી નોકરીની તક, આર્થિક લાભ, સામાજિક પ્રતિષ્ઠા કે વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાને નુકસાન પહોંચવાનો ભય હોય ત્યાં સ્થાપિત હિતો તેનો વિરોધ કરે છે.

3. વિરોધાત્મક સામાજિક આંદોલન વિશે સમજૂતી આપો. (March 18, July 18)

- પ્રસ્થાપિત વ્યવસ્થાના વિરોધને વિરોધાત્મક આંદોલનો' કહે છે.  જ્યારે વ્યક્તિ કોઈ પ્રસ્થાપિત વ્યવસ્થાથી સંતુષ્ટ હોતી નથી ત્યારે તેનો વિરોધ કરવાની શરૂઆત કરે છે. કેટલાક સમાજશાસ્ત્રીઓએ વિરોધાત્મક આંદોલનને વ્યાખ્યાબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.  એસ. એન. આઇજનડેટના મતે, "વિરોધાત્મક આંદોલનો એવાં આંદોલનો છે જેમાં અસંતોષ અભિવ્યક્ત થાય છે અથવા એવી માગણી હોય છે જે સંતોષવામાં આવી હોતી નથી.''  આ પ્રકારના વર્તનવ્યવહારો સામૂહિક રૂપનાં આંદોલનો હોય છે, તેને 'વિરોધાત્મક આંદોલન' કહે છે.  વિરોધાત્મક આંદોલનમાં ફક્ત અભિવ્યક્તિ હોય છે. તે કોઈ ક્રિયા સાથે જોડાયેલાં હોતાં નથી. આ પ્રતિક્રિયાઓ પરિવર્તનનાસ્વરૂપમાં હોય છે. વિરોધાત્મક આંદોલનો મુખ્યત્વે નીચેની ત્રણ બાબતો સાથે જોડાયેલાં હોય છે :
- 1. અસંતોષ અને અન્યાય માટે : સમાજમાં બનતી કેટલીક ઘટનાઓ યોગય લાગતી નથી ત્યારે લોકો તેની સામે અસંતોષ વ્યક્ત કરે છે.
- 2. માગણીઓ માટે કેટલીક વ્યક્તિઓના મતે સમાજમાં અમુક ઘરની ઘટના ન બનવી જોઈએ અથવા આવી કોઈ ઘટના બને તો તેની વિરુદ્ધમાં માગણી કરવામાં આવે છે.
- 3. પ્રતિરોધ માગણીઓ માટે : સમાજમાં જ્યારે પરંપરાગત વ્યવસ્થાને દૂર કરી નવી વ્યવસ્થા પ્રસ્થાપિત કરવામાં આવે અને લોકોને તે પસંદ ન પડે ત્યારે આ પ્રકારનાં આંદોલનો થાય છે. સમાજમાં એવી કોઈ ઘટના બને છે, જેના કારણે નવી માગણીઓ રજૂ કરવામાં આવે છે. સમાજમાં જ્યારે આર્થિક અને સામાજિક સમસ્યાઓમાં વધારો થાય ત્યારે લોકો વિરોધાત્મક આંદોલનો કરે છે. જેમ કે; મોંઘવારી, ભ્રષ્ટાચાર વગેરે સામેનાં આંદોલનો, મહિલાઓ સામેના અત્યાચાર વિરુદ્ધ આંદોલનો વગેરે.
- કેટલીક વાર લોકો પોતાની સામાજિક વ્યવસ્થાથી વંચિત હોવાનો અનુભવ કરે છે. તેઓને સમાજવ્યવસ્થાના પુનઃનિર્માણ સંદર્ભમાં પૂછવામાં ન આવે ત્યારે તે લોકો તેનો વિરોધ કરે છે.  વિરોધાત્મક આંદોલનો વિકસિત કે અવિકસિત એમ દરેક પ્રકારના સમાજમાં જોવા મળે છે.  દરેક સમાજમાં વિરોધાત્મક આંદોલનનું સ્વરૂપ અલગ

અલગ હોઈ શકે છે. વિરોધાત્મક આંદોલનો લોકશાહી સમાજમાં વધુ જોવા મળે છે, કેમ કે લોકશાહી સમાજમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા વધુ હોય છે. આ પ્રકારનાં મોટા ભાગનાં આંદોલનો રાજકીય ઘટનાઓ સાથે સંબંધિત હોય છે અને તેનું સંચાલન રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવે છે.

## 4. સુધારાવાદી સામાજિક આંદોલન વિશે સમજૂતી આપો.

- સુધારાવાદી સામાજિક માંદોલન સમાજનો કોઈ એ કે પલ માં અથવા સમાજના કેટલાક વિભાગોમાં પરિવર્તન લાવે છે. આ આંદોલનો પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થા સામે પડકારરૂપ કે ચિંતાજનક હોતાં નથી .
- ● આ માંદોલનો સમાજના રૂઢિ, રિવાજ, પરંપરા કે વ્યવસ્થાને ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે, આ આંદોલનો નૈતિકતા સાથે જોડાયેલાં હોય છે. આ આંદોલનોમાં આદર અને સન્માનની ભાવના હોય છે, આ આંદોલનો પાછળ સામાજિક પ્રતિષ્ઠ જોડાયેલી છે. સમાજના મોટા ભાગના લોકો જે સમસ્યા પ્રત્યે ઉદાસીન હોય તેવી સમસ્યાઓ પ્રત્યે લોકોને જાગ્રત કરી તે બાબતમાં લોકમત ઊભો કરવાનો આ આંદોલનનો આશય હોય છે. સુધારાવાદી સામાજિક આંદોલનનો ઉદેશ સમાજમાં એક આદર્શ પ્રસ્થાપિત કરવાનો છે.
- આ પ્રકારના આંદોલનમાં નેતાઓ અને સભ્યો મોટા ભાગે એવી વ્યક્તિઓ હોય છે જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આવી સમસ્યાઓનો ભોગ બનેલા હોય છે. સુધારાવાદી સામાજિક આંદોલનો સમાજના લોકોની પરંપરાગત માન્યતાઓ, ક્રિયા કમાં, વલણો તથા જીવનપદ્ધતિમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરે છે.
- આ પ્રકારનાં આંદોલનો શાંતિપૂર્ણ અને અહિંસક હોય છે. રાજા રામમોહન રાયે બ્રહ્મોસમાજની સ્થાપના કરી, સતીપ્રથા તથા બાળલગ્નોનો વિરોધ કર્યો. બ્રહ્મોસમાજનો મુખ્ય હેતુ સમાજના કુરિવાજોને દૂર કરી સમાજમાં પરિવર્તન લાવવાનો હતો. ગુજરાતમાં કવિ નર્મદનું સુધારાવાદી આંદોલન તથા કરસનદાસ મૂળજી અને મહર્ષિ કર્વેનાં મહિલા કેળવણીનાં આંદોલનો આનાં ઉત્તમ ઉદાહરણો છે.

## 5. સામાજિક આંદોલનનાં લક્ષણો જણાવો. (March 18)

- સામાજિક આંદોલનને ‘સામાજિક ચળવળ’ તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક આંદોલનનો અર્થ : સામાજિક આંદોલન એક સામાજિક પ્રક્રિયા છે. સમાજના પ્રવર્તમાન દૂષણો દૂર કરવા માટે અને નવી જીવનપદ્ધતિ પ્રસ્થાપિત કરવા માટે લોકો જ્યારે કોઈ સંગઠિત અને લાંબા સમય સુધી ચાલે એવું સામૂહિક પગલું ભરે ત્યારે તેને સામાજિક આંદોલન’ કહે છે. સામાજિક આંદોલનનાં લક્ષણો : સામાજિક આંદોલનનાખ્યાલને સમજવા માટે તેનાં મહત્ત્વનાં લક્ષણો નીચે પ્રમાણે છે :
- સામાજિક આંદોલન ને સામાજિક અને લાંબા ગાળાની પ્રક્રિયા છે. સામાજિક આંદોલન એ સામૂહિકતાનું લક્ષણ ધરાવે છે. સામાજિક આંદોલન ધ્યેયલક્ષી હોય છે.મોટા ભાગના સામાજિક આંદોલનો સામાન્ય રીતે ચોક્કસ પ્રકારની વિચારસરણીથી પ્રેરિત હોય છે. દરેક સામાજિક આંદોલનમાં ક્રિયા તરફની અભિમુખતા હોય છે. મોટા ભાગનાં બધાં સામાજિક આંદોલનોમાં વ્યક્તિ કે વ્યક્તિઓનું ચોક્કસ પ્રકારનું તાદાસ્ય હોય છે.
- દરેક સામાજિક આંદોલનમાં પોતાની માગણીઓને પહોંચી વળવા માટેની ચોક્કસ પદ્ધતિઓ હોય છે અને એ માટે અનેક પ્રકારની રીતોનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રત્યેક સામાજિક આંદોલન બદલાવ અને સાતત્યની લાક્ષણિકતાઓ ધરાવે છે.